# ગડત વિભાગ વિવિધ કાર્યકારી સહકારી ખેડૂત મંડળ લિ.

## ✦ ધીરાણ નીતિ ✦

## કેશ-ક્રેડીટ ધીરાણ

### (અ) ચીકુ, કેરી, ડાંગર

મંડળનાં દરેક સક્રીય સભાસદને તેની પાછલા ત્રણ વર્ષની કેરી, ચીકુ, ડાંગર પાકની સરેરાશ આવક સામે રાશ જેટલીજ રકમનું રોકડમાં ૭૦% તથા માલના રુપમાં ૩૦% ધીરાણ મળી શકશે. ધીરાણ લીધાની તારીખથી એક વર્ષમાં ભરપાઇ કરવાનું રહેશે.જમીનના બોજાની નોંધ કરાવવી આવશ્યક રહેશે. મંડળ માંગે તેવા બે સક્રીય ઉત્પાદક ખેડૂત ખાતેદાર જામીનો આપવાના રહેશે. વ્યાજનો દર ૭% રહેશે.

માલના રુપના ધીરાણના દરેક ઉપાડ વખતે ૩૦ દિવસ પછી જ વ્યાજ આકારવામાં આવશે.કેશ ક્રેડીટ-પાક ધીરાણ નીતી મુજબ જે તે વર્ષમાં જ ભરપાઈ કરે તેણે જે તે પાકના એડવાન્સ દરેક ઉપાડ વખતે ઉપાડનાં ૨૦% (વીસ) ટકા જેટલી ધીરાણમાં કપાત કરી આપવાની રહેશે અથવા ધીરાણ લીધા તારીખ થી એક વર્ષ સુધીમાં પુરેપુરુ ભરપાઇ કરે તો વ્યાજ ૭% પ્રમાણે વસુલાત લેવું.

### (બ) કેળ (નવી અને જુની)

એકર દીઠ રુપિયા દશ હજાર (૧૦,૦૦૦/-) કેળાનાં ઉપાડ પેમેન્ટમાંથી ૨૫% કપાત આપવાની રહેશે. બાકી રહેતી વસુલાત છેવટના હિસાબમાંથી અથવા ૧૮ માસમાં કરવામાં આવશે. બે ઉત્પાદક સક્રીય ખાતેદાર જામીનો આપવાનાં રહેશે. બોજાની નોંધ કરાવવી આવશ્યક છે.

**કેળ - ટીસ્યુકલ્ચર માટે :-**

૧. એક એકરે રુપિયા ૩૫,૦૦૦/- નું ધીરાણ ફક્ત માલનાં રુપમાં કરવામાં આવશે. જેમાં ટીસ્યુકલ્ચર પીલાંનું બીલ રજુ કરવાનું રહેશે ખોળ -ખાતર , જંતુનાશક દવાનો સમાવેશ કરવામાં આવશે.
૨. વ્યાજનો દર ૭% રહેશે.
૩. કેળનાં પાકની વ્યવસ્થા ફરજીયાત મંડળ મારફતે કરાવવાની રહેશે.
૪. કેળનાં દરેક પેમેન્ટમાંથી દર વખતે ૫૦% રકમ ભરપાઇ કરવાની રહેશે.
૫. કેળનાં પાકમાંથી વસુલાત ન આવે તો બીજા પાકમાંથી પ્રથમ વસુલાત કરવામાં આવશે.
૬. ધીરાણની મુદત ૧૫ માસની જ રહેશે.
૭. આ પ્રકારનાં ધીરાણમાં જમીન ઉપર બોજો નોંધાવવાનો રહેશે. તથા બે ઉત્પાદક સક્રીય ખેડૂત ખાતેદાર જામીનો આપવાનાં રહેશે.

### (ક) શેરડી (નવી તથા જુની)

એકરદીઠ રુપિયા ૨૫૦૦૦/- અંકે રુપિયા પચ્ચીસ હજાર પુરા શેરડીના ધીરાણ માટે સુગરફેક્ટરીમાંથી રોપાણ નોંધ્યા અંગેનો દાખલો લાવવાનો રહેશે.

શેરડીના ધીરાણની વસુલાત માટે ઓથોરીટી તથા સંમતિપત્ર અગાઉથી (ધીરાણ લેતી વખતે)આપવાના રહેશે.

બે સક્રિય ઉત્પાદક ખાતેદાર જામીન આપવાના રહેશે.

ધીરાણ લીધાની તારીખથી ૧૮ માસમાં અથવા શેરડીનાં છેલ્લા હપ્તામાંથી કાપી આપવાના રહેશે. બોજાની નોંધ કરાવવી આવશ્યક છે.

### (ખ) પાક ધીરાણ માટેનાં નિયમા (૭ %/૯%)

(૧) પાક ધીરાણ મેળવનાર સભાસદે પોતાનો તથા પોતાના સંયુક્ત કુટુંબનાં ઉત્પન્ન થતાં તમામ પાકની વ્યવસ્થા મંડળ મારફતે કરાવવાની રહેશે.
(૨) ધીરાણ લીધા તારીખથી જે તે પાક મુજબ પાકતી મુદત સુધીમાં ખાતું ચુકતે કરવાનું રહેશે. ત્યાર બાદ જરુરી ફોર્મ ભરી બીજા વર્ષે પાછું મેળવી શકાશે.
(૩) નાણાં ઉપાડવા કે મંડળમાંથી માલ સામાન ઉધાર મેળવવા માટે નંબરવાળી સ્લીપ બુક મંડળમાંથી આપવામાં આવશે. તેમજ જમા ઉધારની નોંધ પાસબુકમાં કરાવવાની ફરજીયાત રહેશે. પાસબુક વગર ઉપાડ કે જમા થઇ શકશે નહીં.
(૪) ધીરાણ નો ઉપાડ કરેલ હોય તો લઘુત્તમ વ્યાજ ૧/૬ આપવાનું રહેશે.
(૫) મુદતવીતીનાં કિસ્સામાં છેવટનાં હિસાબમાંથી ધીરાણની વસુલાત વ્યાજ સહીત કરી લેવામાં આવશે.
(૬) માલના રુપમાં ધીરાણ જેવ કે કાપડ, ખોળ-ખાતર, જંતુનાશક દવા, મકાન બાંધકામ સામગ્રી તથા મુખ્ય ગોડાઉન ઉપર મળતી જીવન જરુરીયાતની ચીજ વસ્તુઓની ઉધાર ખરીદી વખતે મંડળમાંથી મેળવેલ સ્લીપ બુકમાંથી સ્લીપ ઉપર સહી કરી જે તે વિભાગમાં રુબરુ કે પોતાના માણસ મારફતે ફરજીયાત પાસ બુક રજુ કરવાની રહેશે. જે તે ખરીદીનું બીલ રોકડ બનશે. અને તે કેશ ક્રેડીટમાં ઉધારવામાં આવશે.
(૭) દર વર્ષે ધીરાણ રીન્યુ કરવાનાં કિસ્સામાં જામીનોની સહી સાથ જુનો બોજો ચાલુ રાખવા લખાણ આપવાનું રહેશે.
(૮) વ્યાજનાં દરમાં ફેરફાર કરવાની સત્તા વ્યવસ્થાપક સમિતિની રહેશે.
(૯) ઉપરોક્ત નિયમોમાં જરુર જણાયે વ્યવસ્થાપક સમિતિ ફેરફાર કરી શકશે. જે સગવડ મેળવનાર સભાસદને માન્ય અને બંધનકર્તા રહેશે.
(૧૦) ૭૦% રોકડ પૈકી રુપિયા ૨૫,૦૦૦/- થી વધુના ઉપાડના પ્રસંગે બે દિવસ પહેલાં કેશીયરને જાણ કરવાની રહેશે.
(૧૧) એકજ પાક કે અંશતઃ પાક ની વ્યવસ્થા કરાવનાર સભાસદ ને તેની ત્રણ વર્ષ ની સરેરાશ આવક નાં ૭૦% પ્રમાણે ધીરાણ મળી શકશે.તથા મળનાર ધીરાણ નાં ૭૦% રોકડ નાં રુપ માં તથા ૩૦% માલ નાં રુપ માં ધીરાણ મળી શકશે તથા પાકધીરાણ નાં બધા નિયમો લાગુ પડશે.
(૧૨) ૧/૪/૧૬થી પાકધીરાણ ૩,૦૦,૦૦૦/-ની મર્યાદા કરતા વધુ લેનાર સભાસદો પાસે ૯%વ્યાજ લેવું.

**(ડ) ફરજીયાત બચતનું કર્જ (૧૦.૫%)અને થાપણ લોન કર્જ(૯.૫%)**

૮૫% સુધીનું ધીરાણ જમા રકમ ઉપર મળી શકશે. વ્યાજનો દર જે તે પ્રકારની થાપણનાં દર કરતાં ૨% વધુ રહેશે. પરત ચુકવણી એક વર્ષમાં કરવાની રહેશે.

ફરજીયાત બચતના કર્જ માટે બે ઉત્પાદક જામીનો આપવાના રહેશે.

**(ઈ) મધ્યમ મુદતનું કર્જ (૯% & ૧૨%)**

પોતાનો ઉત્પન્ન થતાં સંપૂર્ણ માલની વ્યવસ્થા મંડળ મારફતે કરાવતા હશે તેને આ ધીરાણ મળી શકશે.૨,૦૦,૦૦૦/- સુધીની મર્યાદામાં આ ધીરાણ મળી શકશે. ૧રુ. ના આકારના ૭,૦૦૦/- નો પટ અથવા ૩,૦૦,૦૦૦/- બે માંથી જે ઓછું હોય તેટલું ધીરાણ મળી શકશે.ઉપરોકત મર્યાદા ઉપરાંત સભાસદની સરેરાશ આવકને ધ્યાનમાં લઈ વાર્ષિક હપ્તો વ્યાજ સાથનો જેટલો થાય તેની ત્રણ ઘણી આવક જેટલું જ મધ્યમ મુદત ધીરાણ કરવાનું રહેશે.

પરંતુ જેની આવક વધુ હોય અને જમીન પણ વધુ હોય તેમને ધીરાણ ની જરુરીયાત વધુ હોય તેઓને ઉપરોકત ૧રુ. ના આકારના ૭,૦૦૦/- નાં પટ ના આધાર થી વધુ માં વધુ ધીરાણ જે તે સભાસદ ની આવક ને ધ્યાન માં રાખી મહત્તમ મર્યાદા પ્રમુખશ્રી તથા ધીરાણ સમિતિ નાં અધ્યક્ષ તથા સેક્રેટરીશ્રી મળી ને નકકી કરે તે રીતે તેટલી મર્યાદા માં ધીરાણ આપી શકાશે. જેનો વ્યાજ દર ૧૨% રહે શે.

એક જ માલ અથવા અંશતઃ માલની વ્યવસ્થા કરનાર સભાસદને રુપિયા ૫૦,૦૦૦/- ની મર્યાદામાં આ ધીરાણ મળી શકશે. ૧રુ. ના આકારના ૨,૦૦૦/- નો પટ અથવા ૫૦,૦૦૦/- બે માંથી જ ઓછું હોય તેટલું ધીરાણ મળી શકશે. મધ્યમ મુદતી કર્જ ચાર સરખા વાર્ષિક હપ્તામાં પરત ચુકવણી કરવાની રહેશે. માંગણી આવ્યેથી યોગ્ય કિસ્સામાં એક વર્ષ માટે નભામણી મળી શકશે. બોજાની નોંધ કરાવવી આવશ્યક છે. કાર્યક્ષેત્ર તથા તેની આજુ બાજુ લાગુ પડતાં ગામો ઉપરની જમીન ઉપર આ ધીરાણ મળી શકશે. જે તે હેતુ માટે આ ધીરાણ મળી શકશે. વ્યાજનો દર ૯% રહેશે. નભામણી મેળવવાનાં કિસ્સામાં પણ સમયસર વ્યાજ ચુકવી નભામણી મેળવી લેવાની રહે શે.

**(ઉ) મકાન બાંધકામ સામગ્રી માટે ધીરાણના નિયમોઃ- (૯%)**

૧. મંડળ વેચે તેનું જ માલના રૂપમાં ધીરાણ કરવામાં આવશે.
૨. ચાર વર્ષ માટે ધીરાણ ચાર સરખા વાર્ષિક હપ્તાથી પરત ચુકવણી કરવાની રહેશે.(મધ્યમ મુદતનાં ધીરાણ પ્રમાણે )
૩. ખેતીની જમીન અને/અથવા ઘરનાં બોજાની નોંધ કરાવવી તેમ જ મંડળ માંગે તેવા બે સક્રિય ઉત્પાદક ખેડુત ખાતેદાર જામીન આપવાના રહેશે.
૪. મકાનનાં પ્લાન એસ્ટીમેટનાં ૭૫% સુધી ધીરાણ આપવામાં આવશે. વ્યાજનો દર ૯% રહેશ,મહત્તમ મર્યાદા ૩,૦૦,૦૦૦/- સુધીની રહેશે.
૫. ધિરાણ સમિતિ દ્વારા મંજુર ૩,૦૦,૦૦૦/- થી ઉપર નાં ધિરાણ નો વ્યાજ દર ૧૧% રહે શે.(૩૦.૧૧.૧૩)

**(ઊ) ટ્રેકટર માટે ધીરાણના નિયમોઃ- (૯%)**

૧. કવોટેશન મુજબનાં ૭૫% ધીરાણ આપવામાં આવશે. જે સંસ્થાના નામનું કવોટેશન હોય તેમને જ ચેક/ડ્રાફટથી પેમેન્ટ કરવામાં આવશે. વ્યાજનો દર ૯% રહેશે.ટેકટ્રરને અનુસાંગીક સાધનોને પણ ધીરાણ મળી શકશે.
૨. ચાર વાર્ષિક હપ્તામાં ધીરાણ વસુલાત કરવામાં આવશે.
૩. વાહનનું એચ.પી.કરાવવાનું રહેશે.
૪. જમીન બોજાની નોંધ કરાવવી આવશ્યક છે.મંડળ માંગે તેવા બે સક્રિય ઉત્પાદક ખેડુત ખાતેદાર જામીન આપવાનાં રહેશે.
૫. ધિરાણ સમિતિ દ્વારા મંજુર ૩,૦૦,૦૦૦/- થી ઉપર નાં ધિરાણ નો વ્યાજ દર ૧૧% રહે શે.(૩૦.૧૧.૧૩)

**નીચેનાં નિયમો દરેક પ્રકારના ધીરાણને લાગુ પડશે.**

(૧) રુપિયા ૩૦,૦૦૦/- નો બોજો નોંધાવવા ઓછામાં ઓછી એક એકર જમીન બોજામાં આપવાની રહેશે. બોજાની નોંધ પાંચ વર્ષ સુધી રહેશે.
(૨) કોઈ પણ ધીરાણ લેનારના જામીનો જે તે સમયે મુદતવીતી હોવા જોઈએ નહીં.
(૩) જે સભાસદોએ પોતાના માલની વ્યવસ્થા મંડળ સિવાય અન્યત્ર કરેલ હશે તેવા સભાસદ જામીન તરીકે ચાલી શકશે નહીં.તથા તે સભાસદે લીધેલ ધીરાણ તાત્કાલીક વસુલ આપવુ પડશે.
(૪) અન્ય સંસ્થાઓમાંથી ધીરાણ મેળવેલ હશે તો તે સંસ્થાનો મુદતવીતીનો બાકીદાર નથીનો દાખલો રજુ કરવાનો રહેશે. તેમજ કયા પ્રકારનું ધીરાણ લીધેલું છે તેનો દાખલો રજુ કરવાનો રહેશે. અન્ય સંસ્થામાંથી જે ધીરાણ લીધુ હશે તેવું ધીરાણ મંડળમાંથી મળશે નહીં.
(૫) મંડળનું કોઈ પણ લેણું બાકી હશે તેવા સંજોગોમાં બોજો છુટો કરી આપવામાં આવશે નહીં.
(૬) ધીરાણ લેનાર સભાસદના જામીનની આવકને ધ્યાનમાં લેવામાં આવશે.
(૭) દરેક પ્રકારના ધીરાણની વસુલાત જો મુદતવીતી હશે તો ચઢેલ મુદત માટે 3% દંડનીય વ્યાજ આપવાનું રહેશે. છ માસથી વધુ મુદતવીતી વસુલાતમાં લોન લીધા તારીખથી 3% દંડનીય વ્યાજ આકારવામાં આવશે. એક વર્ષથી વધુ મુદતવીતીના કીસ્સામાં લોન ઉપાડ્યા તારીખથી ૫% દંડનીય વ્યાજ આકારવામાં આવશે.
(૮) દરેક પ્રકારના ધીરાણમાં મંડળ માંગે તેવા બે સક્રીય ઉત્પાદક ખાતેદાર જામીન આપવાનાં રહેશે.
(૯) સરકારના નવા નીચમ મુજબ ૮-અ અને ૭(૧૨)ની નકલો મેળવવાની હોય તથા તે નકલોનો મુદત છ માસ સુધી પ્રમાણીત ગણાશે.
(૧૦) ખેડૂત પોતાની જમીન વેચીને અથવા અન્ય કોઈપણ જગ્યાએ બોજામાં કે શાનગીરો કરી શકાશે નહી કે બીજી કોઈપણ રીતે બીજાના નામ ઉપર તબદીલ (ટ્રાન્સફર) કરી શકાશે નહી. આમ કરતાં પહેલાં મંડળમાં બીનચુક જાણ કરવાની રહેશે

**(ઋ) ભંડારશાખાઓ માટે ધીરાણના નિયમોઃ- (૬%)**

- ભંડારો ઉપર આપવામાં આવતી શાખ માટે આગલા વર્ષની વાર્ષિક આવકના ૨૦% પ્રમાણે શાખ આપવામાં આવશે. ભંડારો ઉપર મહત્તમ શાખ વપરાશ ઉપર ૬% લેખે દરરોજને હિસાબે વ્યાજ આકારવામાં આવશે. દરેક ઉપાડ વખતે ૬૦ દિવસ પછી જ વ્યાજ આકારવામાં આવશે.૩૦ જુન પછી વસુલાતના પ્રસંગે

સંસ્થાના મુદતવીતીના નિયમો લાગુ પડશે.૩૧ મી માર્ચ સુધીની વ્યાજ સાથની બાકી ૩૦મી જુન સુધીમાં ભરપાઈ કરી ખાતુ ચુકતે કરવાનું રહેશે.

**(❀) <u>શૈક્ષણીક ધીરાણ યોજના</u> (૧૦%)**

- અનુસ્નાતક કક્ષાના ઉચ્ચ અભ્યાસ માટે તથા ટેકનીકલ શીક્ષણ,ડીપ્લોમા,એન્જીનીયરીંગ,મેડીકલ વિગેરે માટે આ લોન મળી શકશે.
- વિધાર્થીનો પાછલી પરીક્ષાઓમાં શૈક્ષણીક દેખાવ સાતત્યભર્યો અને સારો હાવો જોઇએ.જેની પ્રમાણીત નકલો અરજી સાથ જોડવી જરુરી.
- જે વિધાર્થી આવા પ્રકારનું ધીરાણ મેળવવાપાત્ર હોય તેના વાલીના નામે ધીરાણ મળી શકશે.
- અભ્યાસ પૂર્ણ થયા બાદ આવુ ધીરાણ પાંચ વર્ષના સરખા વાર્ષિક હપ્તામાં પરત ચુકવણી કરવાની રહેશે. પ્રથમ દર વર્ષે વ્યાજ ભરપાઈ કરવાનું રહેશે.
- કોલેજ કે હોસ્ટેલ ફી ની રસીદ રજુ કર્યા બાદ અભ્યાસકાળ દરમ્યાન જોઇતો ઉપાડ મળશે.
- જમીન ઉપર બોજાની નોંધ કરાવવી આવશ્યક છે.
- બે ઉત્પાદક સક્રિય ખેડુત ખાતેદાર જામીન આપવાનો રહેશે.
- ભારતમાં અભ્યાસ કરવાના કિસ્સામાં મહત્તમ મર્યાદા ૫,૦૦,૦૦૦/-રુપિયા સુધીની રહેશે,અથવા ધિરાણ સમિતિ ઠરાવે તેટલા ની રહેશે.
- વિદેશ અભ્યાસ કરવાના કિસ્સામાં મહત્તમ મર્યાદા ૧૦,૦૦,૦૦૦/- રુપિયા સુધીની રહેશે.
- વ્યાજનો દર ૧૦% રહેશે.આ ખાતા નો વહિવટ કેશ ક્રેડીટ ધીરાણ મુજબ કરવા માં આવશે.
- દરેક કિસ્સામાં ધીરાણ સમિતિ ને આ ઉપરાંત પણ નીર્ણય કરવાની સત્તા આપવામાં આવે છે.
- ઓછામાં ઓછી એક એકર જમીન હોવી જરુરી.
- ભારતમા કે વિદેશમાં અભ્યાસ કરવાના હોય તે જેતે કોલેજનું મેળવેલ એડમીશનની પ્રમાણીત નકલ કે ફી રસીદ રજુ કરવાની રહેશે.

**(❀) <u>ખેતીમાટે ડીઝલ ઓઇલના ધીરાણ અંગે</u>**

- ડીઝલ-ઓઇલ ખરીદી માટે ફક્ત એક માસ માટેજ શાખ આપવામાં આવશે.
- નાના મીની ટ્રેક્ટર માટે માસિક મહત્તમ મર્યાદા ૧૦૦૦/- રુપિયા સુધીની તથા મોટા ટ્રેક્ટરો માટે માસિક મહત્તમ મર્યાદા ૫૦૦૦/- રુપિયા સુધીની રહેશે.
- શાખ મેળવવા માટે અરજી કરો ત્યારે વાહનની રજીસ્ટ્રેશન બુકની ઝેરોક્ષ જોડવી જરુરી.
- દર માસની ૫ મી તારીખ સુધીમાં અગાઉના મહીનાનો હીસાબ ચુકતે કર્યા બાદજ નવા માસ માટે શાખનો ઉપયોગ થઇ શકશે.
- બે ખેડુત ખાતેદાર ઉત્પાદક જામીન આપવાના રહેશે.મંડળમાં આવતી આવક ને ધ્યાનમાં લેવામાં આવશે.
- ડીઝલ-ઓઇલ સીવાય પંપ ઉપર મળતી કોઇ પણ વસ્તુ આ શાખ સાથ જોડી શકાશે નહી.
- માણસ કે ડ્રાઇવર સાથ વ્યવહાર કરાવવાના પ્રસંગે સંસ્થામાંથો આપેલ કુપન જેના ઉપર ધીરાણ શાખ લેનારની સહી સાથ ફરજીયાત રજુ કરવાની રહેશે.
- વ્યાજ નો દર વાર્ષિક ૭% રહેશે એક માસ બાદ.
- કોરો સહી કરેલો ચેક આપવાનો રહેશે.

**(❀) સ્ટાફ લોન**

સંસ્થાના કાયમી કર્મચારીને લોન મળશે. કર્મચારીની જમા પ્રો. ફંડની રકમના ૯૦% સુધી પરંતુ વધુમાં વધુ ૪૦,૦૦૦/- રુપિયા મળી શકશે. વ્યાજનો દર વાર્ષિક ૭% રહેશે. પરત ચુકવણી પાંચ વર્ષની મુદત દરમ્યાન ૬૦ માસીક હપ્તામાંથો પગારમાંથો સીધી કપાત કરવામાં આવશે.

**(❀)વાહન લોન(સ્ટાફ માટે)**

(૧) વાહન લોન મેળવવાના કિસ્સામાં ક્વોટેશનનાં ૯૦% અથવા રુપિયા ૬૦,૦૦૦/- બે માંથો જે ઓછું હશે તે રકમ મળશે. વ્યાજનો દર ૭% રહેશે.
(૨) કર્મચારીએ મંડળીની તરફેણમાં હાઇપોથીકેશન કરાવી આપવાનું રહેશે.
(૩) ત્રણ વર્ષની ઉપરની જુની ગાડી ઉપર લોન મળી શકશે નહીં.
(૪) ત્રણ વર્ષ સુધીની ગાડીની કીંમત અંગે વેલ્યુએશન રીપોર્ટના આધારે લોન મળી શકશે.

**(❀) <u>માલના રુપમાં ધીરાણ</u>**

**૧.** ધીરાણ મેળવનાર સભાસદે **૮અ તથા ૭/૧૨** ની નકલો આપવી.
**૨.** કયા કયા પાકો કરેલ છે તેની માહિતી આપવી, તથા ખાતર-દવા (અનાજ) મંડળમાં વેચાતી વસ્તુની કેટલી જરુરીયાત મુજબ શાખ નક્કી કરવામાં આવશે.
**૩.** બે ઉત્પાદક ખેડ્ત ખાતેદાર જામીનો આપવા જોઇશે.
**૪.** કોરો ફક્ત સહી કરેલ ચેક આપવાનો રહેશે.
**૫.** આવી શાખ ૧ વર્ષ સુધીની મર્યાદામાં મળશે.

૬. આવી શાખ ની મહત્તમ મર્યાદા રુ.૧,૦૦,૦૦૦/- એક લાખ રુપિયા સુધીની રહેશે.
૭. માલના ઉપાડ માટે મંડળમાંથો ચોપડી તથા ચેક બુક આપવામાં આવશે જેમાં દરેક ઉપાડ વખતે એન્ટ્રી પડાવવી ફરજીયાત રહેશે.
૮. ઉપાડના ૩૦ દિવસ પછી ૭% વ્યાજ લાગુ પડશે.
૯. દર વર્ષે આ શાખ રીન્યુ કરાવવાની રહેશે તેમાં નવા ચેક તથા ૮ અ/૭-૧૨ તથા જામીનો આપવાના રહેશે.
૧૦.આ શાખ કઢાવનાર સભાસદોએ પોતાને ત્યાં ઉત્પન્ન થતો ખેતી પાક ફરજીયાત મડળમાં વ્યવસ્થા કરાવવાની રહેશે.
૧૧. ડાંગર , શેરડી જેવા પાકો ના નાણાં મંડળ મારફતે આવે તેમાંથો મંડળના મુદતવીતી નાણાં વસુલ કરી શકાશે.
૧૨. માલના રુપમાં ધીરાણ અથવા પાકધીરાણ બે માંથો એક જ ધીરાણ મેળવી શકાશ.

**(❁) <u>મકાન બાંધકામ તથા સમારકામ માટેનું ધીરાણ :</u>**

૧. માન્ય આર્કીટેક ના પ્લાન તથા એસ્ટીમેટ રજુ કરવો જોઇશે.
૨. એસ્ટીમેટ મુજબનું ૭૫% સુધી ધીરાણ આપવામાં આવશે.
૩. વ્યાજ નો દર ૧૧% રહેશે.
૪. ધિરાણની મહત્તમ મર્યાદા રુ.૨૦,૦૦,૦૦૦/- સુધીની રહેશે.
૫. મકાન બાંધકામ નો મંડળ વેચે તેવો માલસામાન મંડળમાંથો જ ખરીદ કરવાનો રહેશે.બાકી ની રકમ રોકડ માં આપી શકાશે.
૬. મકાન તથા ખેતીની જમીન બોજા માં આપવાની રહેશે તથા બે ઉત્પાદક સક્રિય જામીનો આપવાના રહેશે.
૭. આવા પ્રકારનું ધીરાણ મહત્તમ ૭ વર્ષના સરખા હપ્તા થો ભરપાઇ કરવાનું રહેશે.
૮. આ ધીરાણ ખાતુ બાંધકાં કે સમારકામ પુરુ થાય ત્યાં સુધી જ પાક ધીરાણ મુજબ ચલાવી શકે છે.
૯. ધીરાણ લીધા તારીખ થો એક વર્ષ સુધીમાં લોન ઉપાડ કરી લેવાનો રહેશે.
૧૦. માલ સામાન અને રોકડ રકમ ની ફાળવણી મંડળ નક્કી કરે તે પ્રમાણે રહેશે.

**(❁) <u>વાહનો (કાર-સ્કુટર ) માટે નું ધીરાણ :</u>**

૧. ક્વોટેશન ના ૭૫% સુધી ધિરાણ આપવામાં આવશે. જે સંસ્થાના નામ નું ક્વોટેશન હોય તેમના નામે ચેક/ડ્રાફ્ટ થો પેમેન્ટ આપવામાં આવશે.
૨. વ્યાજનો દર ૧૧ % રહેશે.
૩. પાંચ સરખા વાર્ષીક હપ્તાથો ધીરાણ ભરપાઇ કરવાનું રહેશે.
૪. વાહન એચ.પી કરાવવાનું રહેશે. તથા તેના રજીસ્ટ્રેશન કાર્ડની ઝેરોક્ષ જમા કરાવવાની રહેશે. દર વર્ષે ફુલ વીમો કરાવી તેની ઝેરોક્ષ મંડળમાં જમા કરાવવાની રહેશે.જો વાહન નો વીમો ન કરાવેલ હોય તો મંડળ વીમો ઉતારી ધીરાણ લેનાર પાસે તેના નાણાં વસુલ કરશે.
૫. બે ઉત્પાદક સક્રીય જામીનો આપવાના રહેશે.
૬. ખેતીની જમીન ઉપર બોજા પડાવવાનો રહેશે.
૭. થાપણ લોનથો પણ ધીરાણ કરી શકાશે.
૮. ધીરાણ ની મહત્તમ મર્યાદા સ્કુટર માટે રુ.૬૦,૦૦૦/- સુધી તથા કાર માટે રુ.૧૦,૦૦,૦૦૦/- સુધીની રહેશે.

**(❁) મેડીકલ લોન :**

૧. મોટી માંદગી કે એક્સીડન્ટ માટે ધીરાણ મળી શકશે.
૨. ધીરાણની મહત્તમ મર્યાદા ૩,૦૦,૦૦૦/- રુપિયા સુધીની રહેશે.
૩. વ્યાજ નો દર ૧૧% રહેશે.
૪. ધીરાણ ની ચુકવણી સરખા વાર્ષિક હપ્તાથો થઇ શકશે. ધીરાણની પાંચ વર્ષમાં પરત ચુકવણી કરવાની રહેશે.
૫. જમીન ઉપર બોજો તથા ઉત્પાદક ખેડૂત ખાતેદાર બે જામીનો આપવાના રહેશે.
૬. મંડળના ધીરાણની નિયમો લાગુ પડશે.
૭. હોસ્પિટલ ના તથા દવાના બીલો રજુ કરવાના રહેશે.
૮. તાત્કાલીક જરુરીયાત ના સમયે કોરો સહી કરેલો ચેક આપવાનો રહેશે ત્યારબાદ ધીરાણ માટેની બાકી ની ઉપરોક્ત કાર્યવાહી કરી લેવાની રહેશે.

**(❁) સોલાર સીસ્ટમ ધિરાણ :**

૧. સોલાર સીસ્ટમ નખાવનાર સભાસદે એક કિલો વોટ નાં રુ. ૧૦,૦૦૦/- પ્રમાણે મંડળ માં જમાં કરાવવા નાં રહેશે
૨. ચાર સરખા વાર્ષિક હપ્તા થો લોન ની વસુલાત આપવા ની રહેશે.
૩. બે ઉત્પાદક જામીનો આપવા નાં રહેશે.
૪. વ્યાજ વાર્ષિક ૧૦% લેખે ચુકવવાનું રહેશે.